દાખલ તારીખ ઃ–૨૮/૦૨/૨૦૨૬
નોંધ્યા તારીખ ઃ–૨૮/૦૨/૨૦૨૬
**ફેંસલ તારીખ ઃ–૦૯/૦૩/૨૦૨૬**
સમયગાળો ઃ–વર્ષ – માસ – દિવસ
૦૦ – ૦૦ – ૦૯

**૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–**

## પાટણના મે. સેશન્સ જજ સાહેબની કોર્ટ, મુ. પાટણ.

**( પી.એચ.શેઠ, સેશન્સ જજ, પાટણ. )**

**૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–**

**ક્રિમીનલ પરચુરણ અરજ નંબરઃ– ૧૭૬/૨૦૨૬.**

આંક ઃ– ૦૮.

*અરજદાર* ઃ– (૧) નિખીલ વિનોદકુમાર જયસ્વાલ,
ઉ.વ. ૨૪ વર્ષ, ધંધો– મજુરી.
(૨) વિનોદકુમાર બાબુલાલ જયસ્વાલ,
ઉ.વ.આ.૫૪ વર્ષ, ધંધો– મજુરી.
બન્ને રહે. નાના ગણપતી મંદીર પાસે,
હારીજ, તા.હારીજ, જી.પાટણ.
હાલ રહે. સબજેલ, પાટણ.

**વિરૂદ્ધ**

*સામાવાળા* ઃ– શ્રી સરકાર

**બાબત ઃ–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજ.

*******************************************

// અરજદાર/આરોપી તરફે વિ. વકીલ શ્રી એસ.પી.રાવળ //

// સામાવાળા/સરકાર તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી જે.જે.બારોટ //

*******************************************

## // જજમેન્ટ //

(૦૧) આ કામના અરજદાર/આરોપી હારીજ પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૧૭૦૦૯૨૬૦૦૯૩/૨૦૨૬, ભારતીય ન્યાય સંહીતા, ૨૦૨૩ ની કલમ – ૧૧૮(૨), ૧૧૫(૧), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ – ૧૩૫ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાના કામે જ્યુડીશ્યલ કસ્ટડીમાં હોઈ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા હાલની અરજી કરેલ છે.

(૧.૧) અરજદાર/આરોપીના લેખીત કથન અનુસાર આ કામના અરજદાર/આરોપીની સદર ગુનાના કામે અટક કરેલ છે. અરજદાર/ આરોપી ત્યારબાદથી જ્યુડી. કસ્ટડીમાં છે. સદર ગુનાની તપાસ પુર્ણ થઈ ગયેલ છે. અરજદાર/આરોપી ગુના વિશે કંઈ જાણતા નથી કે આવા પ્રકારનો ગુનો કરેલ નથી. અરજદાર/ આરોપીને જામીન ઉપર મુક્ત કરવામાં આવે તો ફરીયાદ પક્ષને કોઈ નુકશાન થાય તેમ નથી. અરજદાર/ આરોપી અરજીમાં દર્શાવેલ સરનામે લાંબા સમયથી રહે છે અને સ્થાવર, જંગમ મિલકત ધરાવે છે અને ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી. અરજદાર/ આરોપીને જેલમાં રહેવું પડે તો તેઓની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે તેમ છે. આ કામના અરજદાર/આરોપી કોર્ટ ફરમાવશે તે શરતોનું પાલન કરશે. જેથી અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવા રજુઆત કરેલ છે. અરજદાર/આરોપી તરફે સંજય ચંદ્રા વિરૂદધ સી.બી.આઈ ના નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદા ઉપર આધાર રાખી જામીન ઉપર મુક્ત કરવા અરજ કરેલ છે.

(૦૨) હાલની અરજી રજુ થતા આ કામના સામાવાળા/સરકારને નોટીસ કરતા, આ કામના સામાવાળા/સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રી જે.જે.બારોટ હાજર થયેલ છે.

(૦૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ. વકીલશ્રીની દલીલ એવી છે કે, સદર ગુનાનો બનાવ તા.૨૯/૦૧/૨૦૨૬ ના રોજ બનેલાનો આક્ષેપ છે અને તેની ફરીયાદ ચોવીસ કલાક પછી તા.૦૪/૦૨/૨૦૨૬ ના રોજ પાછળ થી ગોઠવીને આપવામાં આવેલ છે. આ કામે ઈજા પામનારને કોઈ

ગંભીર ઈજા થયેલ નથી અને હોસ્પિટલમાંથી ડીસ્ચાર્જ કરવામાં આવેલ છે. આ કામના અરજદાર/આરોપીનો કોઈ ગુનાઈત ઈતિહાસ નથી. આ કામના અરજદાર/આરોપી પાસેથી કોઈ રીકવરી કે ડીસ્કવરી કરવાની રહેતી નથી. આ કામના અરજદાર/આરોપી અરજીમાં દર્શાવેલ સરનામે રહે છે અને સ્થાવર, જંગમ મિલકત ધરાવે છે અને નાસી ભાગી જાય તેમ નથી. આ કામના અરજદાર/આરોપી કોર્ટ ફરમાવશે તે શરતોનું પાલન કરશે. જેથી અરજદાર/આરોપીની જામીન અરજી મંજુર કરવા જણાવેલ છે.

(૦૪) સદર કામે સામાવાળા/સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રીએ જામીન અરજીનો ભારપુર્વક વિરોધ કરેલ છે અને એવી દલીલ રજુઆત છે કે, આ કામના અરજદાર/ આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૧૮(૨), ૧૧૫(૧), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ – ૧૩૫ વિગેરે મુજબનો ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે. આ કામના અરજદાર/આરોપી નં. ૨નાએ ફરીયાદીને લોખંડની પાઈપ વડે માથામાં મારેલ છે તેમજ અરજદાર/આરોપી નં. ૧નાએ ધારદાર ચપ્પુ વડે મોઢાની અંદર માર મારેલ છે જેના કારણે ફરીયાદીને બોલવામાં તકલીફ પડે છે અને કોઇ અનાજ ખઇ શકતો નથી. આમ, ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. આ કામના અરજદાર/આરોપીઓ ગુનાઈત માનસ ધરાવે છે. આ કામના અરજદાર/આરોપીઓ જામીન ઉપર મુક્ત થાય તો ફરીયાદ પક્ષના પુરાવા સાથે ચેડા કરે અને નાસી ભાગી જાય તેમ છે. જેથી ગુનાની ગંભીરતા તેમજ તપાસ કરનાર અમલદારના સોગંદનામાની હકીકત ધ્યાને લઈ અરજદાર/આરોપીઓની જામીન અરજી નામંજુર કરવા જણાવેલ છે.

(૦૫) આ કામે અરજી વંચાણે લીધી તથા બંને પક્ષકારોની દલીલો ધ્યાને લીધી. તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લીધું. સદર કામે ફરીયાદી તરફે આંક – ૬ થી રજુ થયેલ સોગંદનામું ધ્યાને લેતા આ કામના ફરીયાદી હારીજ બજારમાં આવેલ નાના ગણપતી મંદિર પાસે શીવ પાન પાર્લર આગળ ઉભા હતા તે દરમ્યાન આરોપીઓ આવી બે વર્ષ અગાઉ અમારા ઉપર કેમ કેસ કરેલ હતો તેમ કહી ફરીયાદીને મા બેન સામેની ગાળો બોલેલ અને ગાળો બોલવાની ના પાડતા ઉશ્કેરાઇ જઇ અરજદાર/આરોપી

નં. ૨નાએ ગડદા પાટુનો માર મારી પોતાના હાથમાં રહેલ લોખંડની પાઇપ ફરીયાદીને માથાના ભાગે મારી તથા અરજદાર/આરોપી નં. ૧ના એ ફરીયાદીને પોતાના હાથમાં રહેલ નાનુ તિક્ષ્ણ ધાર વાળુ હથીયાર મારવા જતા ફરીયાદીએ હાથ આડો કરતા ફરીયાદીને જમણા હાથે પંજાના ભાગે વાગેલ તેમજ ફરીથી સદર હથીયારથી મોઢાની અંદર માર મારી ગંભીર ઇજાઓ કરી ગુનો કર્યાનો આક્ષેપ છે.

સદરહુ જામીન અરજીના કામે અરજદાર/આરોપી નં. ૧નાએ આંક–૭ થી વિડ્રો પુરસીશ આપી તેઓ પુરતી જામીન અરજી પરત ખેંચેલ છે જેથી અરજદાર/આરોપી નં. ૧ ની જામીન અરજી અનુંસંધાને ચર્ચા કરવાનુ ઉચીત જણાતુ નથી.

(૫.૧) આ કામે સામાવાળા/સરકાર તરફે એવી રજુઆત છે કે, અરજદાર/આરોપીને જામીન ઉપર મુક્ત કરવામાં આવે તો મુદતે હાજર રહેશે નહીં અને નાસી ભાગી જાય જેથી ટ્રાયલ વિલંબમાં પડે તેમ છે. જોકે આ બાબતે અદાલત યોગ્ય શરતો ફરમાવી શકે તેમ છે. જેથી સામાવાળા તરફેની સદર દલીલ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. આ કામે અરજદાર/આરોપી નં. ૨ સામે ગડદા પાટુનો મારમારવાનો તેમજ માથાના ભાગે લોખંડની પાઇપ માર્યાનો આક્ષેપ છે. અરજદાર/આરોપી સામેના આક્ષેપ સંબંધે પુરાવો લેવો જરૂરી છે અને તે પુરાવાનો વિષય છે. વધુમાં, સદરહુ ગુનામાં મોઢાના ભાગે ધારદાર હથીયારથી ઈજા કરનાર અરજદાર/આરોપી નં. ૧ પુરતી જામીન અરજી પરત ખેંચવામાં આવે છે. આ કામના ઈજા પામનાર હોસ્પિટલમાંથી ડીસ્ચાર્જ થયેલ હોવાનું અને ભયમુક્ત હોવાનું જણાઈ આવે છે. આ કામના અરજદાર/આરોપી સામેનો ગુનો આજીવન કેદ કે ફાંસીની સજાનેપાત્ર ગુનો નથી. સદર કેસની ટ્રાયલ ચાલી નિકાલ આવતા સમય જાય તેમ છે. આ સંજોગોમાં પણ અરજદાર/આરોપીને વધુ સમય જ્યુડી. કસ્ટડીમાં મુકી રાખવાથી પણ ન્યાયનો હેતુ સરે તેમ નથી. અરજદાર/આરોપી અરજીમાં દર્શાવેલ સરનામે તેમના કુટુંબ સાથે રહેતા હોઈ તેમજ ટ્રાયલ દરમિયાન તેઓની હાજરી મળી રહે તેવી સંભાવના છે. ઉપરોક્ત હકીકત ધ્યાને લેતા આ કામના અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવા વ્યાજબી અને

ન્યાયોચિત જણાય છે. જેથી અરજદાર/આરોપીને કેસની હકીકતો, સંજોગો, ગુનાની ગંભીરતા, ગુનાના કામે તેઓનો રોલ તેમજ સજાની જોગવાઈ ધ્યાને લેતા શરતોને આધીન રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવા ન્યાયોચિત જણાય છે. જેથી અરજી મંજુર કરતો નીચે મુજબ હુકમ કરું છું.

## // હુ ક મ //

(૧) અરજદાર /આરોપી નં. ૧નાએ આંક-૭ થી આપેલ વિડ્રો પુરસીશના આધારે સદર અરજદાર/આરોપી નં. ૧ પુરતુ જામીન અરજી વિડ્રોથી ફેંસલ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૪૮૩ અન્વયેની અરજદાર/આરોપી નં. ૨ પુરતી ક્રિમીનલ પરચુરણ અરજ નં. ૧૭૬/૨૦૨૬ ની રેગ્યુલર જામીન અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

(૩) આ કામના અરજદાર/આરોપી નં. (૨) વિનોદકુમાર બાબુલાલ જયસ્વાલ, રહે. નાના ગણપતી મંદીર પાસે, હારીજ, તા.હારીજ, જી.પાટણવાળાને રૂ.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના સદ્ધર જામીન અને તેટલીજ રકમના જાત મુચરકા આપ્યેથી, તેઓને હારીજ પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૨૧૭૦૦૯૨૬૦૦૯૩/ ૨૦૨૬, ભારતીય ન્યાય સંહીતા, ૨૦૨૩ ની કલમ – ૧૧૮(૨), ૧૧૫(૧), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ – ૧૩૫ મુજબના ગુનાના કામે નીચેની શરતોને આધીન જામીન ઉપર કસ્ટડી મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**// શરતો //**

(૧) અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના સાહેદોને ધાક ધમકી કે લાલચ, પ્રલોભન આપવું નહીં તેમજ ફોડવાનો પ્રયત્ન કરવો

નહીં અને પુરાવા સાથે ચેડા થાય તેવું કોઈ કૃત્ય કરવું કરાવવું નહીં અને જાહેર સુલેહશાંતિ જાળવવી.

(૨) અરજદાર/આરોપીએ પોતાનું કાયમી અને પાકું, પુરેપુરૂ સરનામું મોબાઈલ નંબર સહીત તપાસ કરનાર અમલદાર, સંબંધીત પોલીસ સ્ટેશન અને જામીન આપતી વખતે સંબંધીત અદાલતમાં આપવું અને તે સરનામામાં કોર્ટની મંજુરી સિવાય ફેરફાર કરવો નહીં.

(૩) અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો દિન – ૧૦(દસ) માં સંબંધીત અદાલતમાં જમા કરાવવો અને જો ન ધરાવતા હોય તો તે મતલબનું સોગંદનામું રજુ કરવું.

(૪) અરજદાર/આરોપીએ સક્ષમ અદાલતની મંજુરી સિવાય ગુજરાત રાજ્યની હદ છોડવી નહીં.

(૫) અરજદાર/આરોપીએ સદર કેસની ટ્રાયલ દરમિયાન સંબંધીત કોર્ટમાં નિયમીતપણે હાજર રહેવું અને ટ્રાયલમાં સાથ સહકાર આપવો.

-- અરજદાર/આરોપીની અન્ય ગુનાના કામે જરૂરીયાત ન હોય તો તેઓને કસ્ટડી મુક્ત કરવા.

***-- અરજદાર/આરોપીએ જામીન નીચેની અદાલતમાં આપવા.***

**-- હુકમ અંગેની યાદી સંબંધીત અદાલત તથા પોલીસ સ્ટેશનને કરવી.**

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૯/૦૩/૨૦૨૬.
પાટણ.

**( પ્રશાંતકુમાર એચ. શેઠ )**
સેશન્શ જજ,
પાટણ.
( **Judge U.I.Code No. GJ** 00524 )